# ॐ SHREE SWAMINARAYAN TEMPLE - WILLESDEN ॐ
# GUJARATI SCHOOL

**STANDARD 2 - Answers – 18 July 2020**

**જય શ્રી સ્વામિનારાયણ**

Q1. નીચે આપેલી વાત વાંચીને સવાલોના જવાબ પૂરા વાક્યોમાં આપો.

## કીડી અને સિંહની મિત્રતા




એક જંગલમાં બે મિત્ર રહેતા હતા – એક સિંહ અને એક કીડી. બન્ને કદમાં અને શરીરમાં એકબીજાથી બિલકુલ જુદા જ હતા. તેમના વિચાર પણ જુદા હતા. તેમ છતા એ બન્ને ખૂબ સારા મિત્ર હતા. એક દિવસ વાત કરતી સમયે સિંહે કીડી ને કહ્યું "તું તો ખુબ જ નાનકડી છે. તુ કોઇને મદદ નથી કરી શક્તી. હું જંગલનો રાજા છું અને બળવાન છું તને ક્યારેય મારી જરૂર પડે તો મને બોલાવી લેજે." સિંહનો ઘમંડ જોઇને કીડી મનમાં જ હસવા લાગી અને બોલી "ઠીક છે વનરાજ."

એકવાર જંગલમાં એક મોટો હાથી આવ્યો. રાજા સિંહ સૌને બચાવવા માટે હાથી સાથે લડવા લાગ્યો, પણ હાથી તો મોટો હતો. તેને હરાવવાની કોઇનામાં હિંમત નહોતી. સિંહના વશમાં કશુ જ નહોતુ અને હાથીએ સિંહ ને હરાવી દીધો. પોતાના થાકેલા મિત્ર સિંહને જોઇને કીડીને બહુ ગુસ્સો આવ્યો. તેણે એક વિચાર કર્યો. કીડી હાથીની સુંઢમાં ઘુસીને મગજ સુધી પહોંચી ગઈ. કીડીએ હાથીના મગજની એક નસ કાપી નાખી. જેનાથી હાથી મુંજાઇ ને મરણ પામ્યો.

ત્યારબાદ સિંહે પોતાની મિત્ર કીડી પાસે આવીને પોતાના ઘમંડ માટે માફી માંગી અને બન્ને મિત્ર હસતા હસતા પોતાના રસ્તે ચાલ્યા ગયા.

આ વાત પરથી આપને શિખવા મલ્યું કે કોઇની સાથે અભિમાન કે ઘમંડ ન કરવું

© 2020 Shree Swaminarayan Temple, Willesden, Gujarati School

| અઘરા શબ્દો: | | | |
|---|---|---|---|
| કદ | = size | ઘમંડ | = vanity, arrogance |
| વનરાજ | = king of the jungle | સૂંઢ | = elephant's trunk |
| નસ | = nerve | અભિમાન | = pride |

Questions

૧) એક જંગલમાં કેટલા મિત્ર રહેતા હતા અને કોણ કોણ હતા?

એક જંગલમાં બે મિત્ર રહેતા હતા એક સિંહ અને એક કીડી.

૨) વાત કરતી સમયે સિંહે કીડી ને શું કહ્યું?

એક દિવસ વાત કરતી સમયે સિંહે કીડી ને કહ્યું "તું તો ખુબ જ નાનકડી છે.

૩) સિંહનો ઘમંડ જોઇને કીડી શું કરવા લાગી અને શું બોલી?

સિંહનો ઘમંડ જોઇને કીડી મનમાં જ હસવા લાગી અને બોલી "ઠીક છે વનરાજ."

૪) પોતાના થાકેલા મિત્ર સિંહને જોઇને કીડીને શું થયું?

પોતાના થાકેલા મિત્ર સિંહને જોઇને કીડીને બહુ ગુસ્સો આવ્યો.

૫) કીડીએ હાથીને કેવી રીતે હરાવ્યો અને હાથીનું શું થયું?

કીડીએ હાથીની મગજની એક નસ કાપી નાખી. જેનાથી હાથી મુંજાઇ ને મરણ પામ્યો.

૬) આ વાત પરથી શું શિખવા મલ્યું?

આ વાત પરથી આપને શિખવા મલ્યું કે કોઇની સાથે અભિમાન કે ઘમંડ ન કરવું.

© 2020 Shree Swaminarayan Temple, Willesden, Gujarati School

Q2. નીચેના વાકયોને કૌંસમાં આપેલી સૂચના પ્રમાણે ફેરવી વાકયો ફરીથી લખો.

૧ અમારા બા અને બાપા મંદિરે જશે (ભુતકાળમાં ફેરવો)

અમારા બા અને બાપા મંદિરે ગયા હતા.

૨ હું દરરોજ નાહીને ભગવાન પાસે પ્રર્થના કરું છું (ભવિષ્યકાળમાં ફેરવો)

હું દરરોજ નાહીને ભગવાન પાસે પ્રર્થના કરીશ.

૩ મને લાડું બહુ જ ગમે. (નકારાતમક ફેરવો = negative sentence)

મને લાડું જરાયે ના ગમે.

૪ મારો નાનો ભાઇ ઘરકામ કરતો હતો. (વર્તમાનકાળ)

મારો નાનો ભાઇ ઘરકામ કરે છે.

૫ હું અને મારા માતા પિતા ભારત ફરવા ગયા હતા. (ભવિષ્યકાળમાં ફેરવો)

હું અને મારા માતા પિતા ભારત ફરવા જાસે.

૬ મારા ઘરમાં ઘણા ઝાડો છે. (એકવચનમાં ફેરવો)

મારા ઘરમાં એક ઝાડ છે.

૬ અમારા બા બહુજ સરસ વાનગી બનાવે છે. (બહુવચનમાં ફેરવો)

અમારા બા બહુજ સરસ વાનગીઓ બનાવે છે.

Q3. નીચે આપેલા શબ્દોના અર્થ ગુજરાતીમાં લખો. (Example: Book = પુસ્તક)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ground | મેદાન | ૬. | test | પરીક્ષા |
| ૨. | sports | રમતગમત | ૭. | letter | પત્ર |
| ૩. | festival | તહેવાર | ૮. | lemon | લીંબુ |
| ૪. | material | કપડું | ૯. | okra | ભીંડા |
| ૫. | geography | ભુગોળ | ૧૦. | chilli | મરચું |

Q4. Write these numbers in word form in Gujarati (Example: ૯૭૮ = એકસો અઢાર)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૮ | અઢાર | ૪. | ૮૧૯ | આઠસો ઓગણીસ |
| ૨. | ૨૨ | બાવીસ | ૫. | ૩૪૯ | ત્રણસો ઓગણપચાસ |
| ૩. | ૩૮ | આડત્રીસ | ૬. | ૭૪૦ | સાતસો ચાલીસ |

© 2020 Shree Swaminarayan Temple, Willesden, Gujarati School